1. ભારતીય સૈનિકોએ એન્ફિલ્ડ રાઈફલનો ઉપયોગ કરવાનો શા માટે ઇંકાર કર્યો?

- ભારતીય લશ્કરમાં દાખલ કરવામાં આવેલી નવી એનફિલ્ડ રાઈફલની કરતૂસો મોઢેથી ખોલવાની હતી. એ વખતે સિપાઈઓમાં એવી અફવા ફેલાઈ કે કારતૂસોની બનાવટમાં ગાય અને ડુક્કરની ચરબીનો ઉપયોગ થયો છે. હિંદુ માટે ગાય તથા મુસ્લિમ માટે ડુક્કરના માંસનો સ્પર્શ પણ વર્જ્યો હતો. તેને મોઢાથી ખોલવાનો પ્રસંગ આવતાં ભારતીય સૈનિકો અકળાઈ ઉઠયા. તેઓને લાગ્યું કે ભારતીયોને ધર્મભ્રષ્ટ કરવા અંગ્રેજો એ ઇશારાપૂર્વક આમ કર્યું છે. આથી ભારતીય સૈનિકોએ એન્ફિલ્ડ રાઈફલનો ઉપયોગ કરવાનો ઇંકાર કર્યો.

2. ઈસ્ટ ઇન્ડિયા કંપનીના અંતિમ ગવર્નર જનરલ કેનિંગે શી શંકા વ્યક્ત કરી હતી ?

- ઈસ્ટ ઇન્ડિયા કંપનીના અંતિમ ગવર્નર જનરલ કેનિંગે શંકા વ્યક્ત કરી કે "હું ઇચ્છું છું કે ભારતમાં મારો સમયગાળો શાંતિપૂર્ણ હોય. હું એ નથી ભૂલી શકતો કે, ભારતનું આકાશ અત્યારે શાંત છે. પરંતુ ક્યારેક (અસંતોષનું) નાનું વાદળું, ભલે તે એક હાથમાં માપનું કેમ ન હોય પરંતુ તે નિરંતર વિસ્તૃત થઈ, ફાટીને આપણને બધાને ભરખી શકે છે."

3. નવી એન્ફિલ્ડ રાઈફલની કારતૂસમાં કેવી ચરબીનો ઉપયોગ થતો હતો ?

- નવી એન્ફિલ્ડ રાઈફલની કારતૂસમાં ગાય અને ડુક્કરની ચરબીનો ઉપયોગ થતો હતો. જે ક્રમશ હિંદુઓ અને મુસ્લિમો માટે વર્જ્ય હતું. આ તથ્યને પાશ્ચાત્ય ઇતિહાસ વિવેચક સર જોન કે દ્વારા પણ સ્વીકૃતિ આપવામાં આવી છે.

4. 1857ના સંગ્રામનો પ્રથમ શહીદ કોણ બન્યો ? અથવા મંગલ પાંડે 1857ના વિપ્લવનો પ્રથમ શહીદ બન્યો. સમજાવો.

- 1857ના સંગ્રામનો પ્રથમ શહીદ મંગલ પાંડે બન્યો. મંગળપાંડે બરાકપુર છાવણીની 34મી પલટનમાં તૈનાત હતો. તેઓએ ચરબીવાળા કારતૂસો વાપરવાનો વિરોધ કર્યો. સાર્જન્ટ મેજર હ્યુસને મંગળપાંડેની ધરપકડ કરવા હુકમ કર્યો. મંગળપાંડેએ ગોળી છોડીને હ્યુસનને ઢાળી દીધો. જેને કારણે મંગળપાંડેની ધરપકડ કરીને 8મી એપ્રિલ, 1857ના રોજ ફાંસી આપવામાં આવી.

5. 1857ના સંગ્રામના મહત્ત્વનાં કેન્દ્રો કયાં હતાં ?

- કાનપુર, લખનઉ, અવધ, પટણા, જગદીશપુર, બરેલી , બનારસ, અલાહાબાદ, ફેઝાબાદ, આગરા વગેરે સંગ્રામનાં મુખ્ય કેન્દ્રો હતાં. જયારે રાજસ્થઆનમાં નીમરા, નસીરાબાદ, આબુ, મધ્યપ્રદેશમાં ગ્વાલિયર, ઝાંસી, ઇન્દોર, મહાર મંદસોર અને ધાર, ગુજરાતમાં અમદાવાદ, ગોધરા, પાટણ, ખેરાળુ, ખેડા, આણંદ, દ્વારકા, ઓખા વગેરે સંગ્રામનાં કેન્દ્રો હતાં.